ક્રમાંક:ઘ/માધ્યમિક/પેન.૧/વશી/પ્ર.સ્વૈ./મંજુરી/૨૦૨૦/૧૭૪૯-૮૨

અગત્યનો/ઘણો જરૂરી

તાકીદ

નિયામક શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૧૮/૯/૨૦૨૦.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિ.તમામ...

વિષય: પ્રશ્ચાદવર્તી અસરથી સ્વૈ.નિવૃત્તિની મંજુરી આપવા બાબત.
સંદર્ભ : શિ.વિ.ના પત્ર ક્રમાંક: બમશ/૧૨૦૨૦/૩૨૨/ગ.૨, તા.૧૦/૯/૨૦૧૯ અન્વયે.

ઉપરોકત વિષય પરત્વેના સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે, પ્રશ્ચાદવર્તી અસરથી સ્વૈ.નિવૃત્તિ અંગેની દરખાસ્તો જોતાં અનુભવે જણાયુ છે કે કર્મચારી ત્રણ માસના નિયત નોટીસના સમયગાળા પ્રમાણે અરજી કરે છે. પરંતુ શાળા દ્વારા જરૂરી કાગળો અથવા સર્વીસબુકમાં જરૂરી નોંધ, પ્રમાણપત્રો સામેલ રાખેલ ન હોઇ, ડી.પી.પી.એફ. કચેરી પાસે ખરાઇના પ્રમાણપત્ર મેળવવાના સમયે પુર્તતા અર્થે દરખાસ્ત પરત આવવાથી સ્વૈ.નિવૃત્તિમાં વિલંબ થવા પામે છે. જેથી ત્રણ માસના સમયગાળામાં સ્વૈ.નિવૃત્તિ મંજુર કરવા/ના કરવી બાબતે નિર્ણય લેવાતો ન હોઇ, વિભાગ કક્ષાએથી પ્રશ્ચાદવર્તી અસરથી સ્વૈ.નિવૃત્તિની મંજુરી લેવાના પ્રશ્ન ઉભો થાય છે. જેથી કર્મચારીના પેન્શન મંજુર કરવામાં પણ વિલંબ થાય છે. પ્રસ્તુત પ્રકારના કેસ ભવિષ્યમાં ન ઉદભવે તે હેતુએ ડી.પી.પી.એફ. કચેરી પાસેથી સેવા ખરાઇ અંગેના પ્રમાણપત્ર વખતે કયા પ્રમાણપત્રો સામેલ રાખવા, સર્વિસ બુકમાં જરૂરી તમામ નોંધ, રજાના હિસાબો અંગેના નોંધ, પ્રમાણપત્ર વગેરેનું ચેકલીસ્ટ/પત્રક મેળવી લઇ, તે પ્રમાણે આપની કક્ષાએથી તમામ શાળાઓને જરૂરી સુચના મળી રહે તે રીતે ઘટતું કરવા ખાસ સુચનાઆપવામાં આવે છે. તેમજ આપેલ સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. જેથી પેન્શનની બાબતે બિનજરૂરી વિલંબ ટાળી શકાય.

(સહી)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

દફ્તર શાખા-૩
૧૨૬૭
૨૩/૦૯/૨૦૨૦

ક્રમાંક/ ૨૨૭૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા:૨૩/૦૯/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિલ્લો : બનાસકાંઠા

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

Scanned by CamScanner